# -ઃ પ્રેસ નોટ ઃ-

## એક્ષપ્રેસ હાઇવે ઉપર મહેમદાવાદની હદમાં થયેલ ધાડ ના ગુનાના વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ બનતા મિલ્કત વિરુધ્ધના ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચના આધારે પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ સ્કોડના અધિ.તથા માણસોને આપેલ સુચના આધારે આજરોજ સ્કોડના હે.કો.જયેન્દ્રસીંહ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો.મુકુંદસીંહ નાઓને મળેલ ચોકકસ બાતમી આધારે આરોપી ભરત રામજીભાઇ સીસારા આહિર ઉવ.૨૪ રહે.૧૮૫, સમીરપાર્ક, મહેશ્ર્વરી સોસાયટીની અંદર, તક્ષશીલા સ્કુલની સામે, ઓઢવ, અમદાવાદ મુળ વતન ગામ નવી બારપટોળી, તા.રાજુલા, જી.અમરેલી નાને આજરોજ તા.૨૬.૩.૨૦૧૬ ના કલાક ૧૪.૦૦ વાગે કાકા ભાજીપાંઉ રેસ્ટોરન્ટ પાસે રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા પાસેથી પકડી પાડી તેની યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા ગઇ તા.૧૪.૩.૨૦૧૬ ના રોજ પોતે તથા પોતાના સાગરીતો સાથે રાત્રીના સમયે એક્ષપ્રેસ હાઇવે ઉપર મહેમદાવાદ પો.સ્ટે.ની હદમાં એક મહિન્દ્રા પીકઅપ ગાડીને રોકી તેમાંથી સોના ચાંદીના દાગીના તથા હિરાના પડીકાઓની લુંટ કરેલાની હકિકત જણાવતા જે બાબતે મહેમદાવાદ પો.સ્ટે.માં ફ.ગુરનં.૨૪/૨૦૧૬ ઇપીકો ૩૯૫ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના વોન્ટેડ આરોપીને શોધી કાઢી હસ્તગત કરી મહેમદાવાદ પો.સ્ટે.ને સોંપવા કાર્યવાહી હાથ ધરેલ છે.